www.iamofficer.com

## પંચાયતી રાજ...અગત્યના મુદ્દાઓ

→ પંચાયતી રાજનો ઇતિહાસ (આઝાદી પહેલાંનો)

→ આઝાદી પછીનું પંચાયતી રાજ

→ પંચાયતી રાજ અંગેની અગત્યની સમિતિઓ

→ ગુજરાતમાં પંચાયતી રાજ

→ પંચાયતી રાજનું ત્રિસ્તરીય માળખું

→ પંચાયતી રાજના વડા અને વહીવટી વડા (તેઓના કાર્યો)

→ બંધારણનો ૭૩ મો અને ૭૪ મો બંધારણીય સુધારો

→ પંચાયતી રાજમાં ઓડિટ

→ પંચાયતી રાજની યોજનાઓ (કેન્દ્ર તથા રાજ્ય સરકાર)

→ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

→ નગરપાલિકા અને મહાનગરપાલિકા

www.iamofficer.com

## પંચાયતી રાજનો ઈતિહાસ

→ ભારતમાં પંચાયતી રાજના મૂળ ખુબ જ ઉંડા છે. ભગવાન મનુ દ્વારા લખાયેલ “મનુસ્મૃતીમાં” પંચાયતી રાજનો ઉલ્લેખ છે.

→ મહાભારતના અઢાર પર્વો પૈકીના એક પર્વ એવા “સભા પર્વ” ના ૮૩ માં શ્લોકમાં મજબુત ગ્રામીણ વ્યવસ્થાનો ઉલ્લેખ છે.

→ કૌટીલ્ય /ચાણક્ય / વિષ્ણુગુપ્ત ના પુસ્તક “અર્થશાસ્ત્ર” / “નીતિશાસ્ત્ર” કે જે રાજનીતી વિષય પર આધારીત છે. તેમાં પણ ગામને ગ્રામ, ગ્રામના વડાને ગ્રામીણ (સરપંચ), ગામડાઓના સમુહને જનપદ (અત્યારનો તાલુકો) અને જનપદના સમુહને ગણરાજ્ય તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે.

→ ગ્રીક મુસાફર મેગસ્થનીઝે પોતાના પુસ્તક “ઇન્ડિકા” માં ભારતની પંચાયતી રાજની વ્યસ્થાને “પેન્ટાર્ક” ના નામે ઓળખાવી છે.

→ ચીની મુસાફર યુ.એન.સાંગે પોતાના પુસ્તક “સીયુકી” અને ફાહિયાને પોતાના પુસ્તક “ફો–ફો–ક્યુ” માં પંચાયતી રાજની વ્યવસ્થાનો ઉલ્લેખ કરેલ છે.

→ શિવાજીની “અષ્ટપ્રધાન મંડળ” વ્યવસ્થામાં પણ પંચાયતી રાજનું વ્યવસ્થાપન હતું.

→ મોગલ સમયમાં બાબરથી લઈ શાહજાહાં સુધી પંચાયતી રાજને ફોજદારી અને દીવાની રીતે સ્વાયતત્તા આપવામાં આવી હતી પરંતુ ઔરંગઝેબના સમયથી ગામડાઓની અંદર પંચાયતી રાજ વ્યવસ્થા નબળી પડી

**બ્રિટિશ યુગ દરમિયાન પંચાયતી રાજ :**

→ ઇ.સ. ૧૬૮૮ માં અંગ્રેજોએ ઇંગ્લેન્ડની તર્જ ઉપર મદ્રાસ ખાતે સૌપ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી અને સીધા વેરા નાંખવામાં આવ્યા પરંતુ સ્થાનિક વિરોધ થવાના કારણે તે વ્યવસ્થા મુલત્વી રાખવામાં આવી.

→ ત્યારબાદ ઇ.સ. ૧૭૨૬ માં મુંબઈ, મદ્રાસ અને કોલકત્તામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી જે આજે પણ યથાવત્ છે.

→ ઈ.સ. ૧૮૬૯ – ૭૦ માં “મેયો” એ ભારતના ગામડાઓમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સ્થાપવાની શરૂઆત કરી પરંતુ પોતાનું કાર્ય આ દિશામાં આગળ વધારી ન શક્યો.

**લોર્ડ રિપન (ઇ.સ. ૧૮૮૦–૧૮૮૪)**

→ લોર્ડ રિપને પ્રાથમિક શિક્ષણના સુધારા માટે “હન્ટર કમિશન” નિમ્યુ.

→ અંગ્રેજો વિરૂધ્ધ માત્ર અંગ્રેજી વર્તમાન પત્રમાં જ લખી શકાશે એવો “લિટન” દ્વારા લાવવામાં આવેલો અન્યાયી કાયદો “વર્નાક્યુલર પ્રેસ એક્ટ” રદ કર્યો.

→ યુરોપીયનનો ન્યાય ભારતમાં માત્ર યુરોપીયન જ કરી શકે તેવી જોગવાઈ દૂર કરવા માટે “ઈલ્બર્ટ બિલ” લાવવામાં આવ્યું.

→ ઇ.સ. ૧૮૮૨ માં ભારતના ગામડાઓમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના માટે તેણે ઠરાવ કર્યો જેના આધારે ઇ.સ. ૧૮૮૪ માં મુંબઈ પ્રાંતમાં “ બોમ્બે લોકલ બોર્ડ એક્ટ” પસાર કરવામાં આવ્યો જેના કારણે ભારતના ગામડાઓમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થઈ.

→ ઈ.સ. ૧૮૮૧ માં રિપન દ્વારા સૌપ્રથમ વસ્તી ગણતરી કરવામાં આવી.

→ રિપનના આ પગલાઓના કારણે તેને “સ્થાનિક સ્વરાજ્યનો પિતા” કહે છે.

www.iamofficer.com

→ ઇ.સ. ૧૮૮૯ માં "બોમ્બે વિલેઝ સેનીટેશન એક્ટ " લાવવામાં આવ્યો જેના આધારે ભારતના ગામડાઓની અંદર સેનેટરી સમિતિઓ બનાવવામાં આવી અને સેનીટેશન સુવિધાઓ ઉભી થઈ.

→ ઇ.સ. ૧૯૦૭ માં ઇંગ્લેન્ડના રાજા જ્યોર્જ આઠમાં એ સત્તાનું વિકેન્દ્રીકરણ કરવા "રોયલ કમિશન" ની નિમણૂંક કરી.

→ ઇ.સ. ૧૯૧૯ ના "મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા" અંતર્ગત પંચાયતી રાજમાં કયા–કયા કરવેરા ઉઘરાવી શકાય તેની એક યાદી તૈયાર કરવામાં આવી.

→ ઇ.સ. ૧૯૩૫ માં આવેલ "ભારત સરકાર અધિનિયમ" (ગર્વનમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ) અંતર્ગત ભારતીય પ્રજાને "મીની આઝાદી" તરીકે ઓળખાતી "પ્રાંતીય સ્વાયતતા" આપવામાં આવી.

## આઝાદી પછીનું પંચાયતી રાજ

→ આઝાદી પછી ઇ.સ. ૧૯૪૯ માં સૌપ્રથમ સૌરાષ્ટ્ર રાજ્યમાં પંચાયતી રાજ (ગ્રામ પંચાયત)ને લગતો કાયદો લાવવામાં આવ્યો.

→ ઇ.સ. ૧૯૫૨ માં પંડિત જવાહરલાલ નેહરુએ "સામુદાયિક વિકાસ કાર્યક્રમ" આપ્યો.

→ ઇ.સ. ૧૯૫૪ માં શ્રીમન્નારાયણની અધ્યક્ષપણા હેઠળ એક સમિતિ બનાવવામાં આવી જેને પંચાયતી રાજને લગતી બાબતોનો અભ્યાસ કર્યો.

→ ઇ.સ. ૧૯૫૪ માં ભૂદાન આંદોલનના પ્રણેતા અને ગાંધીજી દ્વારા ઇ.સ. ૧૯૪૦ માં શરૂ કરાયેલ વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ " વ્યક્તિગત સત્યાગ્રહી" એવા "વિનોબા ભાવે" પંચાયતી રાજ માટે "પંચમુખી અભિગમ" આપ્યો (નરેન્દ્ર મોદી – પંચશક્તિ)

→ ઇ.સ. ૧૯૫૮ માં મૈસુર (હાલનું કર્ણાટક), આસામ અને તમિલનાડુ રાજ્યએ પંચાયતી રાજને લગતા કાયદા ઘડ્યા.

## પંચાયતી રાજ અંગેની સમિતિઓ

### (૧) બળવંતરાય મહેતા સમિતિ (ઇ.સ. ૧૯૫૭)

**હેતુ** : ભારતમાં પંચાયતી રાજની સ્થાપના માટે ગુજરાતના બીજા નંબરના મુખ્યમંત્રી અને હેલીકોપ્ટર દુર્ઘટનામાં અવસાન પામનાર બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા હેઠળ ઇ.સ. ૧૯૫૭ માં બળવંતરાય મહેતા સમિતિ બનાવવામાં આવી આ સમિતિએ પોતાનો અહેવાલ ૨૪–૧૧–૧૯૫૭ ના રોજ કેન્દ્ર સરકારને સુપ્રત કર્યો જેના આધારે ૨ ઓક્ટોબર ૧૯૫૯ ના રોજ પંડિત જવાહરલાલ નેહરુના હસ્તે રાજસ્થાનના નાગૌર

www.iamofficer.com

જિલ્લાના બગદરી ગામમાં પંચાયતી રાજની શરૂઆત થઈ પરંતુ પંચાયતી રાજનો સમગ્ર રાજ્યમાં અમલ કરનાનું પ્રથમ રાજ્ય "આંધ્રપ્રદેશ" હતું.

**ભલામણ**

→ પંચાયતી રાજનું ત્રિ–સ્તરીય માળખું હોવું જોઈએ.

→ પંચાયતોને કરવેરા નાખવાની અને ઉઘરાવવાનીસત્તા હોવી જોઇએ.

→ ગ્રામ પંચાયતોને વહીવટ કરવા માટે ૧૦૦% ખર્ચ આપવો.

→ ગ્રામ પંચાયતનું વિઘટન કરતાં પહેલાં જિલ્લા પંચાયતનો અભિપ્રાય લેવો.

**૨. અશોક મહેતા સમિતિ (ઇ.સ. ૧૯૭૭)**

**હેતુ :** પંચાયતી રાજને મજબુતાઈ આપવા માટે જનતા સરકાર (મોરારજી દેસાઈ) દ્વારા આ સમિતિ ૧૨–૧૨–૧૯૭૭ ના રોજ બનાવવામાં આવી અને આ સમિતિએ પોતાનો અહેવાલ ૨૧–૮–૧૯૭૮ ના રોજ સુપ્રત કર્યો પરંતુ મોરારજી દેસાઈની સરકાર ગબડી પડતા આ સમિતિની ભલામણોનો સ્વીકાર ન થઈ શક્યો.

**ભલામણો :**

→ પંચાયતી રાજને મજબુતાઈ આપવી જોઇએ.

→ પંચાયતી રાજનું દ્વિ–સ્તરીય માળખું હોવું જોઇએ (ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત)

→ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો મળવો જોઇએ.

→ ન્યાય પંચાયતનું નવનિર્માણ કરવું જોઇએ.

→ સામાજિક ઓડિટની વ્યવસ્થા હોવી જોઇએ.

**૩. રસિકલાલ પરીખ સમિતિ (ઇ.સ. ૧૯૬૦) (ગુજરાત સરકાર)**

**હેતુ :** ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપના કરવા માટે તત્કાલીન ગૃહમંત્રી રસિકલાલ પરીખના અધ્યક્ષપણા હેઠળ ઇ.સ. ૧૯૬૦ માં ૧૫ સભ્યોની એક સમિતિ બનાવવામાં આવી. જેને પોતાનો અહેવાલ ૨૧–૧૨–૧૯૬૦ ના રોજ સુપ્રત કર્યો.

આ સમિતિની ભલામણના આધારે " ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૬૧" બનાવવામાં આવ્યો પરંતુ ૧૯૬૨ ના ભારત–ચીન યુદ્ધના કારણે આ કાયદાનો અમલ "૧ એપ્રિલ ૧૯૬૩" થી થયો અને ભારતમાં પંચાયતી રાજનો અમલ કરનારું ગુજરાત "આઠમું" રાજ્ય બન્યું.

www.iamofficer.com

→ રસિકલાલ પરિખની ભલામણથી ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપના થઈ (૧–૪–૧૯૬૩)

**૪. ઝીણાભાઈ દરજી સમિતિ (ઇ.સ.૧૯૭૨) (ગુજરાત સરકાર)**

આ સમિતિ ૧૨–૪–૧૯૭૨ ના રોજ બનાવવામાં આવી તેણે પોતાનો અહેવાલ ૩૦–૯–૯૭૨ ના રોજ સુપ્રત કર્યો.

**ભલામણો :**

→ સરપંચની સીધી ચૂંટણી

→ મહિલાઓ માટે ઓછામાં ઓછી બે બેઠકો અનામત.

→ એસ.સી. અને એસ.ટી માટે એક બેઠક અનામત.

→ ત્રણેય સ્તરો ઉપર સામાજિક ન્યાય સમિતિ ફરજિયાત.

→ ગ્રામ સભા પર વધુ ભાર મુકવું.

→ બેવડા સભ્યપદ પર નિયંત્રણ

→ ગ્રામ પંચાયત સિવાય તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે થવી જોઇએ.

**૫. રિખવદાસ શાહ સમિતિ (ઇ.સ. ૧૯૭૮) (ગુજરાત સરકાર)**

મહેસાણા જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ રિખવદાસ શાહની અધ્યક્ષતામાં ઇ.સ.૧૯૭૮ માં આ સમિતિ બનાવવામાં આવી હતી તા. ૨૩–૫–૧૯૭૮ ના રોજ અહેવાલ /રીપોર્ટ આ સમિતિએ સુપ્રત કર્યો.

**ભલામણો :**

→ પંચાયતોની ચૂંટણી બિનહરીફ થવી જોઇએ. (ખાસ કરીને ગ્રામ પંચાયતની ચૂંટણી)

→ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો મળવો જોઇએ

→ ગામડાંના દબાણો દુર કરવાની સત્તા પંચાયતોને મળવી જોઇએ.

**૬. જી.વી. કે સમિતિ (કાર્ડ સમિતિ) (ઇ.સ. ૧૯૮૫)**

**હેતુ:** ઇ.સ. ૧૯૮૫ માં આયોજન પંચના પૂર્વ સદસ્ય ડો. જી.વી.કે. રાવની અધ્યક્ષતામાં આ સમિતિ બનાવવામાં આવી જેનો મુખ્ય હેતુ ગ્રામીણ વિકાસ અને ગરીબી નિર્મુલનનો હતો.

**ભલામણો :**

→ પંચાયતી રાજ ચાર સ્તરીય હોવું જોઇએ.

www.iamofficer.com

→ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખને હૈદરાબાદ ખાતે આવેલ ગ્રામીણ વિકાસ સંસ્થાનમાં તાલીમ મળવી જોઈએ.

→ જિલ્લા વિકાસના કાર્યો કરવા માટે જિલ્લા વિકાસ કમિશ્નરનું પદ ઉભું કરવામાં આવે (જે. આજે જિલ્લા વિકાસ અધિકારી)

**૭. એલ.એમ.સિંઘવી સમિતિ (લક્ષ્મીમલ સિંઘવી) (ઇ.સ. ૧૯૮૬)**

**હેતુ :** પંચાયતી રાજને બંધારણીય દરજ્જો અપાવવા માટે ૧૬ જૂન ૧૯૮૬ ના રોજ રાજીવ ગાંધી સરકાર દ્વારા આ સમિતિ બનાવવામાં આવી. જેનો મુખ્ય હેતુ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાનો હતો.

**ભલામણો :**

→ નાણાં પંચના નાણાં પંચાયતને મળવા જોઇએ.

→ પંચાયતમાં પક્ષિય રાજનીતિ ન હોય

→ દરેક રાજ્યમાં રાજ્ય સ્થાનિક સ્વશાસન સંસ્થા અને કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રીય સ્થાનિક સ્વશાસન સંસ્થા બનાવવામાં આવે.

→ પંચાયતી રાજના વિવાદોને ઉકેલવા ટ્રીબ્યુનલ બનાવવામાં આવે.

**૮. પી.કે. યુગન સમિતિ (ઇ.સ.૧૯૮૮)**

એલ.એમ.સિંઘવી સમિતિની પેટા સમિતિ હતી.

**ભલામણો :**

→ પંચાયતી રાજની સંસ્થાઓનો કાર્યકાળ પાંચ વર્ષ કરવામાં આવે.

→ જિલ્લા કલેક્ટરને જિલ્લા પંચાયતના અધિકારી બનાવવામાં આવે.

→ જિલ્લા પંચાયત વિકાસના કાર્યો માટે મહત્વની ભૂમિકા ભજવવા પર ભાર મૂકવામાં આવે.

## ૭૩ મો બંધારણીય સુધારો

→ એલ.એમ.સિંઘવી સમિતિની ભલામણોના આધારે રાજીવ ગાંધી સરકારે ૧૫–૫–૧૯૮૯ ના રોજ લોકસભાની અંદર બંધારણનો ૬૪ મો સુધારો રજુ કર્યો જે લોકસભાએ બહુમતિથી પસાર કર્યો.

www.iamofficer.com

→ ૧૫–૧૦–૧૯૮૯ ના રોજ રાજ્ય સભામાં ૬૪ મો સુધારો (ખરડો) પસાર થઈ શક્યો નહિ જેના કારણે પંચાયતી રાજને બંધારણીય દરજ્જો ન મળ્યો અને રાજીવ ગાંધી સરકારનું પતન થયું.

→ ત્યારબાદ નરસિંહરાવ સરકારે ૨૨–૧૨–૧૯૯૨ ના રોજ લોકસભામાં બંધારણનો ૭૩ મો સુધારો પસાર કરાયો અને બીજા દિવસે ૨૩–૧૨–૧૯૯૨ ના રોજ રાજ્યસભાએ બંધારણના ૭૩ માં સુધારાને મંજુરી આપી. જેના કારણે પંચાયતી રાજને બંધારણમાં સ્થાન મળ્યું.

→ ઇ.સ. ૨૨–૧૨–૧૯૯૨ ના રોજ લોકસભાએ અને ૨૩–૧૨–૧૯૯૨ ના રોજ રાજ્ય સભાએ બંધારણનો ૭૩ મો સુધારો પસાર કર્યો. જેના કારણે પંચાયતી રાજને બંધારણમાં સ્થાન મળ્યુ.

→ બંધારણની અંદર પંચાયતી રાજના અનુ. ૨૪૩ અંતર્ગત (એ) થી ૨૪૩(ઓ) જેટલી નવી અનુચ્છેદો ઉમેરવામાં આવી.

→ બંધારણમાં નવમો ભાગ ઉમેરવામાં આવ્યો.

→ પંચાયતો માટે અગીયારમી અનુસૂચિ ઉમેરવામાં આવી અને પંચાયતોને ૨૯ જેટલા વિષયો ઉપર કાયદા બનાવવાની સત્તા આપવામાં આવી (ગુજરાતને ૧૪ વિષયોની સત્તા આપી છે)

→ પંચાયતી રાજએ રાજ્યયાદીનો વિષય હોવાથી રાજ્ય સરકારે ૭૩ માં સુધારાના આધારે નવા કાયદા બનાવ્યા.

→ ગુજરાતને આ ૭૩ માં બંધારણીય સુધારાના આધારે પોતાના જૂના કાયદા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ માં સુધારો કરીને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ બનાવવામાં આવ્યો. જેનો અમલ ૧૫–૪–૧૯૯૩ થી થયો. પંચાયતી રાજનો અમલ કરનારૂ ગુજરાત ૮ મું રાજ્ય હતું.

→ કેન્દ્ર સરકારે બંધારણના ૭૩ માં સુધારાનો અમલ ૨૪ એપ્રિલ ૧૯૯૩ કરવામાં આવ્યો જેના કારણે ૨૪ એપ્રિલને "પંચાયતની રાજ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

**૭૩માં બંધારણીય સુધારા અગત્યની જોગવાઈઓ :**

→ ૨૪૩: વ્યાખ્યાઓ

→ ૨૪૩(એ) (ક) : ગ્રામ સભા

www.iamofficer.com

→ ૨૪૩ (બી) (ખ) : ત્રીસ્તરીય પંચાયતી રાજ, જે રાજ્યની વસ્તી ૨૦ લાખથી ઓછી હશે. ત્યાં તાલુકા પંચાયતોની રચના થઈ શકશે નહિ.

→ ૨૪૩ (સી) (ગ) : પંચાયતોનું માળખું (સંરચના)

→ ૨૪૩ (ડી) (ઘ) : એસ.સી., એસ.ટી. અને મહિલા માટે અનામત.

→ ૨૪૩ (ઇ) (ચ) : પંચાયતની મુદત પાંચ વર્ષથી વધુ નહિં.

→ ૨૪૩ (એફ) (છ) : સભ્યો માટે ગેરલાયકાતો

→ ૨૪૩ (જી) (જ) : પંચાયતોની સત્તાઓ, અધિકારો અને જવાબદારીઓ

→ ૨૪૩ (એચ) (ઝ) : પંચાયતોને કરવેરા નાખવાની સત્તા અને ફંડ ઉભા કરવાની સત્તા

→ ૨૪૩(આઇ) (ટ) : રાજ્યપાલ દ્વારા પંચાયતોને નાણા પુરા પાડવા માટે ભલામણ કરવામાં આવશે (નાણાંપંચ)

→ ૨૪૩ (જે) (ઠ) : પંચાયતોના હિસાબના ઓડિટ માટે રાજ્યની વિધાનસભા ઓડિટ કરશે.

→ ૨૪૩ (કે) (ડ) : પંચાયતોની ચૂંટણી રાજ્ય ચૂંટણી પંચ કરશે.

→ ૨૪૩ (એલ) (ઢ) : કેન્દ્રશાસિત પ્રદેશોને પણ આ સુધારા લાગુ પડશે.

→ ૨૪૩ (એમ) (ણ) : (૧) નાગાલેન્ડ, મિઝોરમ, મેઘાલયમાં આ વ્યવસ્થા લાગુ પડશે. (૨) મણિપુર રાજ્યના પર્વતિય વિસ્તારમાં આ વ્યવસ્થા નહિ લાગુ પડે (૩) પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં આ વ્યવસ્થા લાગુ નહિ પડે.

→ ૨૪૩ (એન) (ત) : પ્રવર્તમાન કાયદાઓ ચાલુ રાખવા બાબત.

→ ૨૪૩ (ઓ) (થ) : પંચાયતોની ચૂંટણીમાં ન્યાયાલય દરમિયાનગીરી કરશે નહિં.

**૭૩ માં સુધારાની બીજી અગત્યની જોગવાઈઓ**

→ ત્રણેય સ્તરમાં સામાજીક ન્યાય સમિતિની રચના.

→ મહિલાઓ માટે ૧/૩ અનામત (ગુજરાત ૧/૨% ) છે.

→ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી સભ્યો દ્વારા થશે.

→ જે પંચાયતો વિસર્જીત થશે. તેની ચૂંટણી છ મહિનામાં કરવી જરૂરી બનશે.

→ પંચાયતોને આર્થિક સહાય માટે દર પાંચ વર્ષે નાણાં નાણાંપચ દ્વારા આપવામાં આવશે.

www.iamofficer.com

→ મતાધિકાર ૧૮ વર્ષે મળશે. પરંતુ ઉમેદવારી ૨૧ વર્ષે ઉમેદવારી નોંધાવી શકાય.

→ ઓબીસી માટે ૧૦% અનામત બેઠકો.

## પંચાયતી રાજનું ત્રિ–સ્તરીય માળખુ

**વિભિન્ન રાજ્યોમાં પંચાયતના સ્તર :**

**ત્રિસ્તરીય પંચાયતી રાજ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ગુજરાત | (૨) | રાજસ્થાન | (૩) | ઓરિસ્સા |
| (૪) | આસામ | (૫) | બિહાર | (૬) | પંજાબ |
| (૭) | હરિયાણા | (૮) | કર્ણાટક | (૯) | તમિલાનાડુ |
| (૧૦) | મધ્યપ્રદેશ | (૧૧) | મહારાષ્ટ્ર | (૧૨) | ઉત્તરપ્રદેશ |

**ચાર – સ્તરીય પંચાયતની રાજ**

(૧) પશ્ચિમ બંગાળ

**દ્વિ– સ્તરીય પંચાયતી રાજ**

| | | | |
|---|---|---|---|
| (૧) | જમ્મુ કશ્મીર | (૫) | દિવ–દમણ |
| (૨) | ગોવા | (૬) | દાદરાનગર હવેલી |
| (૩) | સિક્કિમ | (૭) | પાંડુચેરી |
| (૪) | મણિપુર | (૮) | લક્ષદ્વીપ |

→ બિહારમાં સરપંચ મુખીયા તરીકે ઓળખાય છે.

→ સિક્કિકમમાં કેટલીક ગ્રામ પંચાયતો ઝુમસા તરીકે ઓળખાય છે.

→ અરુણાચલ પ્રદેશમાં સરપંચ ચેરપર્સન તરીકે ઓળખાય છે.

→ કેરલની અંદર પંચાયતના કર્મચારીઓની પસંદગી રાજ્ય જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવે છે.

→ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશમાં બેથી વધુ બાળકો ધરાવતા વ્યક્તિઓ ઉમેદવારી નોંધાવી શકતા નથી.

→ ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ત્રિપુરા, સિક્કિમ, કેરલ, પશ્ચિમ બંગાલ, સરપંચની સીધી ચૂંટણી થતી નથી, પરંતુ, ચૂંટાયેલા સભ્યો તેની ચૂંટણી કરે છે.

www.iamofficer.com

# <u>પંચાયતી રાજનુ માળખુ</u>

| અ.નં. | વિગત | ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |
|---|---|---|---|---|
| ૧ | બેઠક | ૮ થી ૧૬<br>(જુની સંખ્યા ૭ થી ૧૫) | ૧૬ થી ૩૨<br>(જુની સંખ્યા ૧૫ થી ૩૧) | ૩૨ થી ૫૨<br>(જુની સંખ્યા ૩૧ થી ૫૧) |
| ૨ | વસ્તી | ૩,૦૦૦ થી ૨૫,૦૦૦<br>(જુની સંખ્યા ૩,૦૦૦ થી ૧૫,૦૦૦) | ૧ લાખ | ૪ લાખ |
| ૩ | બેઠકમાં વધારો | દર ૩,૦૦૦ની વસ્તીએ ૨ બેઠકનો વધારો | ૨૫,૦૦૦ની વસ્તીએ ૨ બેઠકનો વધારો | ૧ લાખની વસ્તીએ ૨ બેઠકનો વધારો |
| ૪ | અનામત મહિલા | ૫૦% | ૫૦% | ૫૦% |
| ૫ | અનામત OBC | ૧૦% | ૧૦% | ૧૦% |
| ૬ | અનામત SC/ST | વસ્તી આધારે | વસ્તી આધારે | વસ્તી આધારે |
| ૭ | અનામત બેઠક કોણ નક્કી કરે ? | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| ૮ | બેઠકોની ફાળવણી કોણ નક્કી કરે ? | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| ૯ | વડા (ચૂંટાયેલ) | સરપંચ | તાલુકા પ્રમુખ | જિલ્લા પ્રમુખ |
| ૧૦ | વહીવટી વડા (સરકારી) | તલાટી-કમ-મંત્રી | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી |
| ૧૧ | મુદ્દત (સામાન્ય સંજોગોમાં) | ૫ વર્ષ | ૫ વર્ષ | ૫ વર્ષ |
| ૧૨ | ચૂંટણી કોણ કરશે ? | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| ૧૩ | ચૂંટણીની તારીખ કોણ નક્કી કરશે ? | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| ૧૪ | ચૂંટણી કઇ તારીખે કરવી? | પંચાયતની મુદ્દત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદ્દત પુરી થયાના ૧૫ દીવસ પછી ચૂંટણી કરી શકાશે નહી. | પંચાયતની મુદ્દત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદ્દત પુરી થયાના ૧૫ દીવસ પછી ચૂંટણી કરી શકાશે નહી. | પંચાયતની મુદ્દત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદ્દત પુરી થયાના ૧૫ દીવસ પછી ચૂંટણી કરી શકાશે નહી. |
| ૧૫ | પંચાયતની મુદ્દત ક્યારથી ગણાય ? | પ્રથમ બેઠકની તારીખથી | પ્રથમ બેઠકની તારીખથી | પ્રથમ બેઠકની તારીખથી |
| ૧૬ | પ્રથમ બેઠકની તારીખ કોણ નક્કી કરે ? | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| ૧૭ | પ્રથમ બેઠક કેટલા સમયમાં બોલાવવી ? | ચાર અઠવાડીયામાં | ચાર અઠવાડીયામાં | ચાર અઠવાડીયામાં |
| ૧૮ | પ્રથમ બેઠકમાં કામગીરી | ઉપસરપંચની પસંદગી | તાલુકા પ્રમુખ / ઉપપ્રમુખની પસંદગી | જિલ્લા પ્રમુખ / ઉપપ્રમુખની પસંદગી |
| અ.નં. | વિગત | ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |

www.iamofficer.com

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | પ્રથમ બેઠકમાં પ્રમુખ કોણ નક્કી કરે ? | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| ૨૦ | સરખા મત પડે તો (ઉપસરપંચ / પ્રમુખ / ઉપપ્રમુખની પસંદગીમાં) | ચિઠ્ઠી ઉપાડીને (૧૦ વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (૧૦ વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (૧૦ વર્ષથી નાના બાળક પાસેથી) |
| ૨૧ | રાજીનામુ (ઉપરી) | ૧.સભ્ય / ઉપસરપંચ --> સરપંચ<br><br>૨.સરપંચ --> તાલુકા વિકાસ અધિકારી | ૧.સભ્ય / ઉપપ્રમુખ --> પ્રમુખ<br><br>૨.પ્રમુખ --> જિલ્લા વિકાસ અધિકારી | ૧.સભ્ય / ઉપપ્રમુખ --> પ્રમુખ<br><br>૨.પ્રમુખ --> વિકાસ કમિશનર |
| ૨૨ | રાજીનામાની તકરાર (ઉપરીનો ઉપરી) | ૧.સભ્ય / ઉપસરપંચ --> તાલુકા વિકાસ અધિકારી<br><br>૨.સરપંચ --> નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૧.સભ્ય / ઉપપ્રમુખ --> જિલ્લા વિકાસ અધિકારી<br><br>૨.પ્રમુખ --> વિકાસ કમિશનર | ૧.સભ્ય / ઉપપ્રમુખ --> વિકાસ કમિશનર<br><br>૨.પ્રમુખ --> પંચાયત સચિવ |
| ૨૩ | અવિશ્વાસનો પ્રસ્તાવ | | | |
| | (૧) દરખાસ્ત લાવવા માટેની જોગવાઇ | ૫૦% સભ્યોનો ટેકો | ૫૦% સભ્યોનો ટેકો | ૫૦% સભ્યોનો ટેકો |
| | (૨) દરખાસ્ત પસાર કરવા માટેની જોગવાઈ | ૨/૩ (૬૬%) બહુમતીથી પસાર | ૨/૩ (૬૬%) બહુમતીથી પસાર | ૨/૩ (૬૬%) બહુમતીથી પસાર |
| | (૩) અવિશ્વાસની દરખાસ્ત માટે કોણ બેઠક બોલાવે ? | દરખાસ્ત કોઈની પણ વિરુદ્ધ હોય (સરપંચ , ઉપસરપંચ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવાની જવાબદારી સરપંચની રહેશે. સરપંચે આ બેઠક ૧૫ દીવસમાં બોલાવાની રહેશે. જો સરપંચ આ બેઠક ન બોલાવે તો તલાટી-કમ-મંત્રીએ તાલુકા વિકાસ અધિકારીને રીપોર્ટ કરવો. તાલુકા વિકાસ અધિકારી રીપોર્ટ મળ્યાની૧૫ દીવસની અંદર આ બેઠક બોલાવશે. | દરખાસ્ત કોઈની પણ વિરુદ્ધ હોય (પ્રમુખ, ઉપપ્રમુખ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવાની જવાબદારી તાલુકા પ્રમુખની રહેશે. તાલુકા પ્રમુખ આ બેઠક ૧૫ દીવસમાં બોલાવાની રહેશે. જો તાલુકા પ્રમુખ આ બેઠક ન બોલાવે તો તાલુકા વિકાસ અધિકારીએ જિલ્લા વિકાસ અધિકારીને રીપોર્ટ કરવો. જિલ્લા વિકાસ અધિકારી રીપોર્ટ મળ્યાની૧૫ દીવસની અંદર આ બેઠક બોલાવશે. | દરખાસ્ત કોઈની પણ વિરુદ્ધ હોય (પ્રમુખ, ઉપપ્રમુખ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવાની જવાબદારી જિલ્લા પ્રમુખની રહેશે. જિલ્લા પ્રમુખ આ બેઠક ૧૫ દીવસમાં બોલાવાની રહેશે. જો જિલ્લા પ્રમુખ આ બેઠક ન બોલાવે તો જિલ્લા વિકાસ અધિકારી એ વિકાસ કમિશનર ને રીપોર્ટ કરવો. વિકાસ કમિશનર રીપોર્ટ મળ્યાની૧૫ દીવસની અંદર આ બેઠક બોલાવશે. |
| ૨૪ | કૉરમ (ગણપૂર્તિ) | ૧/૩ સભ્ય | ૧/૩ સભ્ય | ૧/૩ સભ્ય |
| ૨૫ | ઉમેદવારી ઉંમર | ૨૧ વર્ષ | ૨૧ વર્ષ | ૨૧ વર્ષ |
| **અ.નં.** | **વિગત** | **ગ્રામ પંચાયત** | **તાલુકા પંચાયત** | **જિલ્લા પંચાયત** |

www.iamofficer.com

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | ઉમેદવાર તરીકેની યોગ્યતા | ૧. અસ્થિર મગજનો ન હોવો જોઇએ.<br>૨. નાદાર ન હોવો જોઇએ.<br>૩. ૦૪/૦૮/૦૫ પછી બે બાળકોથી વધુ ન હોવા જોઇએ.<br>૪.શૌચાલય જરૂરી<br>૫.લોકપ્રતિનિધિત્વ ધારા અનુસાર ૨ થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>૬.સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઇએ. | ૧. અસ્થિર મગજનો ન હોવો જોઇએ.<br>૨. નાદાર ન હોવો જોઇએ.<br>૩. ૦૪/૦૮/૦૫ પછી બે બાળકોથી વધુ ન હોવા જોઇએ.<br>૪.શૌચાલય જરૂરી<br>૫.લોકપ્રતિનિધિત્વ ધારા અનુસાર ૨ થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>૬.સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઇએ. | ૧. અસ્થિર મગજનો ન હોવો જોઇએ.<br>૨. નાદાર ન હોવો જોઇએ.<br>૩. ૦૪/૦૮/૦૫ પછી બે બાળકોથી વધુ ન હોવા જોઇએ.<br>૪.શૌચાલય જરૂરી<br>૫.લોકપ્રતિનિધિત્વ ધારા અનુસાર ૨ થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>૬.સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઇએ. |
| ૨૭ | પંચાયતની બેઠક | દર મહિને ૧ વાર | દર ત્રણ મહિને ૧ વાર | દર ત્રણ મહિને ૧ વાર |
| ૨૮ | સામાજિક ન્યાય સમિતિ | ફરજીયાત | ફરજીયાત | ફરજીયાત |
| | સભ્યો | ૫ સભ્યો | ૫ સભ્યો | ૫ સભ્યો |
| | સામાજિક ન્યાય સમિતિની કમિટીનુ ગઠન | આ સમિતિના ૫ સભ્યો પૈકી ૧ સભ્ય વાલ્મિકી/સફાઇ કામદાર પૈકી રહેશે. જો પંચયની બોડીમાંથી આ સમુદાયના સભ્ય ન હોઇ તો પંચયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતાં વક્તિને કૉ.ઓપ્ટકરવામાં આવશે. ૧ સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઓપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. | આ સમિતિના ૫ સભ્યો પૈકી ૧ સભ્ય વાલ્મિકી/સફાઇ કામદાર પૈકી રહેશે. જો પંચયની બોડીમાંથી આ સમુદાયના સભ્ય ન હોઇ તો પંચયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતાં વક્તિને કૉ.ઓપ્ટકરવામાં આવશે. ૧ સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઓપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. | આ સમિતિના ૫ સભ્યો પૈકી ૧ સભ્ય વાલ્મિકી/સફાઇ કામદાર પૈકી રહેશે. જો પંચયની બોડીમાંથી આ સમુદાયના સભ્ય ન હોઇ તો પંચયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતાં વક્તિને કૉ.ઓપ્ટકરવામાં આવશે. ૧ સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઓપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. |
| ૨૯ | અપીલ | ગ્રામ પંચાયતની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ વ્યક્તિ ૬૦ દીવસમાં તાલુકા પંચાયત ની સામાજિક ન્યાય સમિતીને અપિલ કરી શકશે. | તાલુકા પંચાયત ની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ વ્યક્તિ ૬૦ દીવસમાં જિલ્લ પંચાયતની સામાજિક ન્યાય સમિતીને અપિલ કરી શકશે. | જિલ્લા પંચાયતની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ વ્યક્તિ જિલ્લા પંચાયત અપિલ સમિતી અપિલ કરી શકતો નથી. પરંતુ તે વ્યક્તિ ૬૦ દીવસમાં રાજ્ય સરકારને અપિલ કરી શકે છે. |

www.iamofficer.com

## ગ્રામ પંચાયત :

(૧) ૨૫ હજારની વસ્તી સુધી ગ્રામ પંચાયત રહેશે. ગ્રામ પંચાયતની સભ્ય સંખ્યા ૮ થી ૧૬ રહેશે.

(૨) ગ્રામ પંચાયત ઓછામાં ઓછી ૩ હજારની વસ્તી હશે જ્યાં સભ્ય સંખ્યા ૮ ની રહેશે

(૩) દર હજારે બે (૨) સભ્યો ઉમેરવામાં આવશે. કેટલા સભ્યો ઉમેરવામાં આવશે તે સંખ્યા જિલ્લા કલેક્ટર કરશે.

**પંચાયતોની મુદત અને ચૂંટણી :**

→ પંચાયતની મુદત પાંચ વર્ષની રહેશે.

→ પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થયા પછી નવી પંચાયતની ચૂંટણી માટેની તારીખ જે તે પંચાયતની મુદત પુરી થાય તે પહેલાના બે મહિના કરતા વધુ નહિ અને પંદર દિવસ કરતાં મોડી ન હોવી જોઈએ.

→ જો પંચાયતનું વિસર્જન કરવામાં આવે તો વિસર્જિત થયેલી પંચાયતની ચૂંટણી છ મહિનાની અંદર કરી દેવી જરૂરી છે.

→ વિસર્જિત પંચાયતની મુદત બાકી રહેલા સમય પુરતી જ રહેશે.

→ પંચાયતની મુદત પંચાયતની પ્રથમ બેઠક મળે ત્યાર થી જ ગણાશે.

→ ગ્રામ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નક્કી કરવાની સત્તા (તાલુકા વિકાસ અધિકાર) ટીડીઓને છે.

**પંચાયતમાં અનામત બેઠકો:**

→ સ્ત્રીઓ માટે ૫૦% બેઠકો અનામત

→ ઓબીસી માટે ૧૦% બેઠકો અનામત

→ એસ.સી. અને એસ.ટી. માટે વસ્તીના આધારે અનામત.

→ ગ્રામ પંચાયતની અનામત બેઠકોની ફાળવવણી કલેક્ટર કરે છે. તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકોની ફાળવણી વિકાસ કમિશ્નર કરે છે.

**ઉમેદવાર તરીકે ની યોગ્યતા**

(૧) ૨૧ વર્ષની ઉંમર

www.iamofficer.com

(૨) ૪–૮–૨૦૦૫ પછી ૨ થી વધુ બાળકો ન હોવા જોઈએ.

(૩) અસ્થિર મગજનો ન હોવો જોઈએ.

(૪) કોર્ટ દ્વારા નાદાર વ્યક્તિ (દેવું થઈ ગયું તેવો વ્યક્તિ) ઉમેદવારી ન નોંધાવી શકે. જાહેર કરવામાં આવેલ વ્યક્તિ.

(૫) સરકારી અને પંચાયત ખાતાનો કર્મચારી ઉમેદવારી નોંધાવી શકતો નથી.

(૬) જે વ્યક્તિનું પંચાયતમાં લેણુ બાકી હોય તેને નોટીસ આપ્યા પછી ત્રણ મહીનામાં ન ભરે તો તે પણ ઉમેદવારી ન કરી શકે.

(૭) લોક પ્રતિનિધિત્વ ધારા પ્રમાણે બે કે તેથી વધુ વર્ષની સજા થઈ હોય તે વ્યક્તિ ઉમેદવારી ન કરી શકશે.

(૮) ઘરમાં શૌચાલય ન હોય તો ઉમેદવારી નોંધાવી શકશે નહી

Breaking News:- તાજેતરમાં હરિયાણા સરકાર અને રાજસ્થાન સરકારે પંચાયતી રાજની સંસ્થાઓમાં ઉમેદવારી નોંધાવવા શૈક્ષણિક લાયકાત નક્કી કરી છે.

**ચૂંટણી પ્રક્રિયા :**

→ મતદાર યાદી પંચાયતની મુદત પુરી થવાના બે મહિના પહેલા પુરી કરવાની હોય છે.

→ ચૂંટણી પ્રક્રિયાનું પ્રથમ પગથીયું એ છે કે મતદાર યાદી પ્રસિધ્ધ કરવી અને અધિકૃત અધિકારી દ્વારા તેને પોતાની કસ્ટડીમાં લેવી.

**ચૂંટણી પ્રક્રિયા સ્ટેપ :**

(૧) મતદાર યાદીની પ્રસિદ્ધિ
(૨) ચૂંટણી અધિકારીની નિમણૂંક
(૩) ચૂંટણી જાહેરનામું
(૪) ઉમેદવારી પત્રક ભરવા
(૫) ઉમેદવારી પત્રક ચકાસવા
(૬) ઉમેદવારી પત્રક પાછા ખેંચવા
(૭) ચૂંટણી યોજવી
(૮) મતગણતરી કરવી

www.iamofficer.com

(૯) પરિણામ જાહેર કરવું

(૧૦) ચૂંટાયેલા ઉમેદવારોની યાદી પ્રસિદ્ધિ કરવી.

**સરપંચની ચૂંટણી :**

→ પ્રત્યક્ષ ચૂંટણી કે (સીદા મતદારો દ્વારા)

**ઉપસરપંચની ચૂંટણી**

→ ઉપસરપંચની ચૂંટણી સરપંચ અને અન્ય ચૂંટાયેલા સદસ્યો દ્વારા થાય છે.

→ વિજેતા ઉમેદવારોની યાદી જાહેર થયા પછી ચાર અઠવાડીયાની અંદર પ્રથમ બેઠક બોલાવવાની રહે છે.

→ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ તાલુકા વિકાસ અધિકારી નક્કી કરે છે. (ટીડીઓ)

→ પ્રથમ બેઠકમાં માત્રને માત્ર ઉપસરપંચની પસંદગી થશે. તે સિવાય કોઈ અન્ય કાર્ય થશે નહિ. ઉપસરપંચની ચૂંટણીમાં બે ઉમેદવારોને સરખા મત પડે તો ચિઠ્ટી ઉપાડીને એ નિર્ણય કરવામાં આવશે.

**મુદત પાંચ વર્ષ (બધાની)**

**રાજીનામું :**

(૧) પંચાયતનો સદસ્ય સરપંચને રાજીનામું આપીને છુટો થઈ શકશે.

(૨) સદસ્ય પંચાયતને જેવું રાજીનામું આપે છે. તો માની લેવામાં આવે છે કે રાજીનામું મંજુર થઈ ગયું છે. એટલે કે રાજીનામું પાછું ખેંચવાનો પ્રશ્ન ઉભો રહેતો નથી.

(૩) ઉપસરપંચ પોતાનું રાજીનામું સરપંચ (ગ્રામ પંચાયત) ને આપે છે. અને સરપંચ પોતાનું રાજીનામું તાલુકા પંચાયતને આપે છે. જ્યાં સુધી રાજીનામું મંજુર ન થાય ત્યાં સુધી લેખીત વિનંતી થી રાજીનામું પાછું ખેંચી શકાય છે.

**રાજીનામાની તકરાર :**

→ ઉપસરપંચના રાજીનામાની તકરાર તાલુકા વિકાસ અધિકારી સાભળશે. અને સરપંચના રાજીનામાની તકરાર નાયબ જિલ્લા વિકાસ અધિકારી (જિલ્લા પંચાયત) સાંભળશે.

**અવિશ્વાસનો પ્રસ્તાવ :-**

→ અવિશ્વાસની દરખાસ્ત પંચાયતના કુલ સભ્યોના ૫૦% સભ્યોના ટેકાથી નિયત ફોર્મ ભરીને લાવી શકશે અને જો એ દરખાસ્ત સરપંચ કે ઉપસરપંચની વિરુદ્ધ ૧/૨ (૬૬) સભ્યોથી પસાર થઈ જાય તો સરપંચ કે ઉપસરપંચે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપવુ પડે છે.

www.iamofficer.com

→ અવિશ્વાસની દરખાસ્તની નોટીસ પંચાયતને જે તારીખથી મળી હોય તેના પંદર દિવસની અંદર આ માટેની બેઠક બોલાવવી પડે. જો સરપંચ બેઠક ન બોલાવે તો તલાટી કમ મંત્રી તેનો રિપોર્ટ તાલુકા વિકાસ અધિકારી ને કરશે. તાલુકા વિકાસ અધિકારી રિપોર્ટ મળ્યાની તારીખથી ૧૫ દિવસમાં આ બેઠક બોલાવશે.

→ સરપંચ કે ઉપસરપંચ જેના વિરૂદ્ધ પ્રસ્તાવ હોય તે આવી બેઠકમાં હાજર રહી શકશે. મત પણ આપી શકશે. પરંતુ અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહીં.

**પંચાયતની બેઠક :**

→ પંચાયતની બેઠક દર મહિને ૧ બોલાવવામાં આવે છે. અને ઓછામાં ઓછા ૧/૩ સભ્યોની સંમતિ હોય તો ખાસ બેઠક પણ બોલાવી શકાય છે. બેઠકનું સ્થળ અને સમય સરપંચ નક્કી કરે છે.

→ સભ્યોને બેઠકની જાણ તલાટી–કમ–મંત્રી પાંચ દિવસ પહેલા કરે છે. અને ખાસ બેઠક હોય તો ત્રણ દિવસ પહેલા કરે છે.

→ બેઠકમાં સરપંચ કે ઉપસરપંચ ગેરહાજર રહે તો ૩૦ મિનિટ રાહ જોયા પછી હાજર રહેલા સભ્યોમાંથી કોઈ એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાંમ આવે છે.

**કોરમઃ (ગણપૂર્તિ)**

→ કોરમ માટે ૧/ ૩ સભ્યો ની હાજરી જરૂરી છે. તલાટી કમ મંત્રી પંચાયતના સેક્રેટરી તરીકે કામ કરશે. પંચાયતની મીટીંગમાં કોઇપણ પ્રશ્ન પુછવા માટે સાત દિવસ અગાઉ જાણ કરવી પડશે.

**ગ્રામ સભા :**

→ બંધારણના અનુચ્છેદ ૨૪૩ (ક) ગ્રામ સભાની વ્યાખ્યા આપવામાં આવી છે. ગ્રામ સભા એટલે ગ્રામ્ય સ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલ વ્યક્તિઓનું જુથ ટૂંકમાં જે વ્યક્તિનું નામ મતદાર યાદીમાં છે. તે પ્રત્યેક વ્યક્તિ ગ્રામ સભાનો સભ્ય ગણાશે.

→ "ગ્રામ સભા એ પંચાયતી રાજની ગંગોત્રી છે. " – ઉચ્છગરાય ઢેબર

→ ગ્રામ પંચાયત અને ગ્રામ સભા વચ્ચે મંત્રીમંડળ અને ધારા સભા જેવો સંબંધ હોવો જોઇએ. – જય પ્રકાશ નારાયણ

→ ગ્રામ સભા ઓછામાં ઓછી દર ત્રણ મહિને એક એટલે કે વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત મળવી જોઇએ.

www.iamofficer.com

→ તાલુકા કે જિલ્લા પંચાયતના પ્રતિનિધિ ગ્રામ સભાની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે. પરંતુ મત આપી શકશે નહીં.

→ ગ્રામ સભાની સુચના સાત દિવસ પહેલા આપવી પડે અને જો ખાસ ગ્રામ સભા હોય તો ત્રણ દિવસ અગાઉ સૂચના આપવી પડે. ગ્રામ સભાનું સૌથી અગત્યનું કાર્ય બી.પી.એલ. ની (ગરીબી રેખા નીચે જીવતા લોકોની) યાદી તૈયાર કરવી.

→ ૨૦૦૧ ના વર્ષથી ૧ મે, ૧૫ ઓગષ્ટ, ૨ ઓક્ટોબર ૨૬ જાન્યુઆરી એમ ચાર વખત ગ્રામ સભા બોલાવવાની રહેશે.

**કોરમ :**

→ ગ્રામ સભાના કોરમ માટે ૧/૧૦ સભ્યો અથવા ૫૦ સભ્યો બે માંથી જે ઓછું હોય તે ગણાશે.

**સરપંચની ફરજો અને સત્તાઓ :**

→ પંચાયતનું બજેટ નવેમ્બર સુધીમાં તૈયાર કરાવવું, ૧૫ ડિસેમ્બર સુધી તાલુકા પંચાયતને મોકલવવાનું અને ૩૧ માર્ચ સુધી પંચાયતની બેઠકમાં મંજુર કરાવવું.

→ જિલ્લા વિકાસ નિધિનો ફાળો નિયમિત રીતે જિલ્લા પંચાયતને મોકલાવવો.

→ સરપંચ તલાટી કમ મંત્રીની પરચુરણ રજા (સી.એલ) મંજુર કરી શકશે. અને તલાટીની કામગીરીની સમીક્ષા કરી ખાનગી અહેવાલ લખી શકશે. ઉપસરપંચ અને પંચાયતના સભ્યોનું રાજીનામું મંજુર કરી શકશે.

→ અવિશ્વાસ દરખાસ્ત અને ઉપસરપંચની પસંદગી આ બે બાબત સિવાય જો સરખા મત પડે તો નિર્ણાયક મત પણ આપી શકશે.

→ સરપંચ પોતાના હુકમથી પંચાયતના બાકીદારની મિલ્કત જપ્ત કરી શકે છે.

→ નમુના નંબર – ૬ માં સહિ કરે છે.

**તલાટી – કમ મંત્રીની ફરજો :**

→ નમુના નંબર ૧ થી ૧૮ નિભાવવા

→ જન્મ અને મરણની નોંધણી કરવી.

→ લગ્ન નોંધણી અધિકારી તરીકેની ફરજ બનાવી.

→ પંચાયતની દરેક સમિતિમાં મંત્રી તરીકે કામ કરશે.

www.iamofficer.com

**ગ્રામ પંચાયતની આવકના સાધનો :**

→ ગ્રામ પંચાયતના વેરા અને ફિ

મિલક્તવેરો, પાણીવેરો, સફાઈવેરો ફરજીયાત છે.

→ જિલ્લા સહકારીફંડમાંથી અનુદાન (૨૨૧) જમીન મહેસુલની આવકના ૭.૫% આવક

→ જિલ્લા વિકાસ ફંડમાંથી ધિરાણ (૨૨૩)

→ ગ્રામ પંચાયત પોતાની આવક વુધામાં વધુ પાંચ ટકા જેટલી રકમ આ ફંડમાં જમા કરાવે છે. અને ગ્રામ પંચાયતને તેમાંથી લોન મળી શકે છે.

→ આયોજન મંડલની ગ્રાન્ટ

ધારાસભ્યો, સંસદ સભ્યો તરફથી મળતી ગ્રાન્ટ, નાણાંપચ તરફથી મળતા નાણાં (કેન્દ્ર – ૭૫% ) રાજ્ય – ૨૫%

**તાલુકા પંચાયત :**

→ ઓછામાં ઓછી ૧૬ અને વધુમાં વધુ 3૨ બેઠકો

→ એક લાખની વસ્તી સુધી ૧૬ બેઠકો

→ વધારાની ૨૫ હજારની વસ્તી દિઠ ૨ બેઠકો

→ મહિલાઓ માટે ૫૦% બેઠકો અનામત

→ બક્ષીપંચ માટે ૧૦% બેઠકો અનામત

→ એસ. સી. અને એસ.ટી. માટે વસ્તીના ધોરણે અનામત

→ ધારાસભ્યો તાલુકા પંચાયતના આમંત્રિત સભ્ય ગણાશે. પરંતુ તેમને મતાધિકાર મળશે નહિં.

→ તાલુકા પંચાયતને પક્ષાંતર ધારો લાગુ પડશે.

→ પ્રથમ બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી થશે.

→ પ્રથમ બેઠકની તારીખ જિલ્લા વિકાસ અધિકારી નક્કી કરશે.

→ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોના નામ જાહેર થાય પછી ચાર અઠવાડીયાની અંદર તાલુકા પંચાયતની પ્રથમ બેઠક મળશે. જેના પ્રમુખ જિલ્લા વિકાસ અધિકારી નક્કી કરશે. પ્રમુખને મત આપવાનો અધિકાર રહેશે નહિં.

www.iamofficer.com

**તાલુકા પંચાયતના કાર્યો :**

→ આરોગ્ય, સુખાકારી અને શિક્ષણ (પ્રાથમિક)

→ **બેઠકો :** વર્ષમાં ઓછા ઓછી ચાર (દર ત્રણ મહિને એક)

→ ૧/૩ સભ્યોની વિનંતી થી ખાસ બેઠક બોલાવી શકાય છે.

→ રાજીનામું (પ્રમુખ, ઉપપ્રમુખ, સદસ્ય)
તાલુકા પંચાયતના સદસ્ય અને ઉપપ્રમુખ એ પ્રમુખને તથા પ્રમુખ એ જિલ્લા વિકાસ અધિકારીને આપશે.

→ તાલુકા પંચાયતના સભ્ય અને ઉપપ્રમુખના રાજીનામાની તકરાર જિલ્લા વિકાસ અધિકારી સાંભળશે અને તાલુકા પંચાયતના પ્રમુખના રાજીનામાની તકરાર વિકાસ કમિશ્નર સાંભળશે. આ માટે વિકાસ કમિશ્નરને ૩૦ દિવસની અંદર લેખીતમાં ફરીયાદ કરવાની રહેશે.

**અવિશ્વાસની દરખાસ્ત :**

→ અવિશ્વાસની દરખાસ્ત લાવવા માટે ૫૦% અને અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા માટે ૨/૩ સભ્યોની બહુમતી

→ પ્રમુખ કે ઉપપ્રમુખની વિરુધ્ધમાં અવિશ્વાસની દરખાસ્ત હોય તો તે હાજર રહી શકશે, મત આપી શકશે, પરંતુ અધ્યક્ષ સ્થાન લઇ શકશે નહિં.

→ તાલુકા પંચાયતનો કોઈ સભ્યો, ઉપપ્રમુખ કે પ્રમુખ સત્તાનો દુરૂપયોગ કરે, ફરજ બજાવવામાં કસુરવાર ઠરે. જિલ્લા વિકાસ અધિકારી તેમને દુર કરી શકે છે. જેના વિરુધ્ધ વિકાસ કમિશ્નર ને અપીલ કરી શકાય છે. પરંતુ જો નૈતિક અધ:પતનના કિસ્સામાં સભ્ય પ્રમુખ કે ઉપપ્રમુખ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી થઈ હોય અથવા કાર્યવાહી દરમિયાન જેલમાં રાખવામાં આવ્યા હોય તો જિલ્લા વિકાસ અધિકારી તેઓને હોદ્દા ઉપરથી દુર કરી શકે છે. પરંતુ અપીલ રાજ્ય સરકારને કરી શકાય છે.

**તાલુકા પંચાયતના આવકના સાધનો :**

→ સ્ટેમ્પ ડ્યૂટીમાંથી થતી આવક.

→ રાજ્ય સરકાર અને જિલ્લા પંચાયતમાંથી મળતી ગ્રાન્ટ

→ જમીન મહેસુલ

www.iamofficer.com

→ લોન, બક્ષીસ, ફાળો

**તાલુકા વિકાસ અધિકારી :**

→ વર્ગ – બે કક્ષાના અધિકારી છે.

→ તેઓ તાલુકા પંચાયતના સેક્રેટરી ગણાશે. જેઓનું મુખ્ય કાર્ય પંચાયત વિભાગને લગતી યોજનાઓનું અમલીકરણ કરવાનું રહેશે.

→ તાલુકા પંચાયતની કારોબારી સત્તા તાલુકા વિકાસ અધિકારીની છે.

→ ગ્રામ પંચાયતની પ્રથમ બેઠક બોલાવશે.

→ સરપંચનું રાજીનામું મંજુર કરશે.

→ ઉપસરપંચ અને સભ્યોના રાજીનામાની તકરાર સાંભળશે.

→ તાલુકા પંચાયતના કર્મચારીઓની રજા મંજુર કરશે.

## જિલ્લા પંચાયત :

→ સામાન્ય રીતે ઓછામાં ઓછા ૩૨ અને વધુમાં વધુ ૫૨ સભ્યો હોવા જરૂરી. કેટલાક સંજોગોમાં ૧૮ સભ્યોની બનેલી જિલ્લા પંચાયત પણ રચી શકાશે. સામાન્ય રીતે ૪,૦૦,૦૦૦ સુધીની વસ્તી ધરાવતા જિલ્લા પંચાયત ૧૮ સભ્યોની બનશે. તેને અનામત

બેઠકની જોગવાઈ :

મહિલાઓ : ૫૦ %

ઓબીસી : ૧૦%

એસ.સી. અને એસ.ટી. : વસ્તી આધારે

→ વિધાનસભાના સભ્ય અને સંસદ સભ્ય જિલ્લા પંચાયતના આમંત્રિત સભ્ય ગણાશે. પરંતુ તેઓને મતાધિકાર મળશે નહિં.

→ જિલ્લા પંચાયતની સભ્ય સંખ્યા અને અનામત ઉમેદવારોની સંખ્યા ૮ બેઠકો વિકાસ કમિશ્નર નક્કી કરશે.

→ વિકાસ કમિશ્નર પ્રથમ બેઠક નક્કી કરશે જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બેઠકની વરણી

www.iamofficer.com

→ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થયા પછી ચાર અઠવાડીયામાં નક્કી થશે. જિલ્લા પંચાયતની બેઠકના અધ્યક્ષતા વિકાસ કમિશ્નર કરશે. અધ્યક્ષપણ આપી શકશે નહી.

**અવિશ્વાસનો પ્રસ્તાવ :**

→ ૫૦% ટકા ટેકાથી પ્રસ્તાવથી અવિશ્વાસ લાવવામાં આવશે. ૨/૩ સભ્યોની બહુમતીથી ૯ પસાર કરવામાં આવશે.

→ પ્રમુખ અને ઉપપ્રમુખની વિરુધ્ધમાં અવિશ્વાસની દરખાસ્ત હોય તો તે હાજર રહી શકશે. મત આપી શકશે, પરંતુ અધ્યક્ષ સ્થાન લઇ શકશે નહિ.

→ અવિશ્વાસનો પ્રસ્તાવ મળ્યેથી ૧૫ દિવસમાં બેઠક બોલાવવી જરૂરી. જો પ્રમુખ બેઠક ન બોલાવે તો ડીડીઓ એ વિકાસ કમિશ્નરે રીપોર્ટકરી બેઠક બોલાવશે.

**રાજીનામું :**

→ જિલ્લા પંચાયતનો સભ્ય અને ઉપપ્રમુખએ જિલ્લા પંચાયતના પ્રમુખને રાજીનામું આપશે અને જિલ્લા પંચાયતના પ્રમુખ એ વિકાસ કમિશ્નરને રાજીનામું આપશે.

→ ઉપપ્રમુખ અને સભ્યના રાજીનામાની તકરાર વિકાસ કમિશ્નર સાંભળશે. જ્યારે પ્રમુખના રાજીનામા તકરાર પંચાયત સચિવ સાંભળશે.

→ સભ્ય, પ્રમુખ કે ઉપપ્રમુખ પોતાની ફરજ અદા કરવામાં નિષ્ફળ નિવડે તો વિકાસ કમિશ્નર તેમને હોદ્દો પરથી દુર કરશે.

→ કુલ વર્ષમાં ચાર બેઠકો

→ ૧/૩ સભ્યોની સૂચનાથી ખાસ બેઠક

**જિલ્લા વિકાસ અધિકારી :**

→ આઇએએસ હોય છે. જિલ્લા પંચાયતના સેક્રેટરી તરીકે કામ કરશે.

→ તાબા હેઠળના અધિકારીઓની રજા મંજુર કરશે.

→ તાલુકા પંચાયતની પ્રથમ બેઠક બોલાવવામાં આવે.

→ તાલુકા પંચાયતના સભ્ય અને ઉપપ્રમુખની તકરાર સાંભળવાનું કામ

→ તાલુકા પંચાયતના પ્રમુખનું રાજીનામું સ્વીકારશે.

**પંચાયતની સમિતિ :**

www.iamofficer.com

→ ગ્રામ પંચાયતમાં સામાજીક ન્યાય સમિતિ, કારોબારી સમિતિ અને પાણી સમિતિ ફરજીયાત છે.

→ સામાજીક ન્યાય સમિતિ ( ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ કલમ ૯૨ (૩)

→ સભ્ય સંખ્યા પાંચથી વધુ નહિ.

→ અને તેની મુદત પંચાયતની મુદત જેટલી જ હોય છે.

**સમિતિની રચના :**

→ વાલ્મીકિ કે સફાઈ કામદાર જાતીઓનો એક સભ્ય

→ એસ.સી. અને એસ.ટી.માંથી એક મહિલા સભ્ય (જો ચૂંટાયેલ ન હોય તો કો-ઓપ્ટ કરી શકાય.

→ અન્ય તમામ સભ્યો અનુસુચિત જાતી અથવા અનુસૂચિત જન જાતિના લેવા.

**કાર્યો :**

→ એસ.સી.એસ.ટી અને અન્ય નબળા વર્ગના લોકોને ન્યાય મળે, પાવીનું પાણી, શિક્ષણ મળે, અશ્પૃશ્યતા નાબુદી થાય અને જાહેર સ્થળોએ ભેદભાવ ન થાય.

→ દર ત્રણ મહીને ઓછામાં ઓછી એક બેઠક મળવી ફરજીયાત.

→ કોરમ : ૧/૩ સભ્યો અથવા ૩ સભ્યો બેમાંથી જે વધુ હોય તે.

**કારોબારી સમિતિ :**

→ મદ્દત : બે વર્ષની હોય છે.

→ પાંચ સભ્યો

→ એક એસ.સી., એસ.ટી. અને એક મહિલા સભ્ય

→ દર ત્રણ મહિને એક બેઠક

→ જો સરપંચ આ સમિતિનો સદસ્ય હશે. તો હોદ્દાની રૂએ તે આ સમિતિનો અધ્યક્ષ બનશે. જો ઉપસરપંચ આ સમિતિનો સદસ્ય હશે. તો હોદ્દાની રૂએ આ સમિતિનો અધ્યક્ષ ઉપર પૈકી એકપણ બાબત નહી હોય તો સદસ્યો ભેગા થઈને પોતાનામાંથી એક વ્યક્તિને અધ્યક્ષ તરીકે ચૂંટશે.

**પાણી સમિતિ :**

→ ૨૪-૧૦-૨૦૦૨ થી ફરજીયાત આ સમિતિ બનાવવાની છે.

→ મુદ્દત પંચાયતની મુદ્દત ૨ વર્ષની હોય છે.

www.iamofficer.com

→ સભ્યો ૧૦ થી ૧૨

→ ૧/3 સભ્યો મહિલા એસ.સી. અને એસ.ટી. સભ્યો વસ્તી પ્રમાણે અથવા ઓછામાં ઓછા એક

→ સહકારી મંડળી, યુવક મંડળ, અને અન્ય કોઈ સંસ્થામાંથી બે થી ત્રણ સભ્યો.

→ તલાટી કમ – મંત્રી આના સેક્રેટરી રહેશે.

**તાલુકા પંચાયતની સમિતિઓ :**

→ સામાજીક ન્યાય સમિતિ અને કારોબારી સમિતિ ફરજીયાત છે.

→ જે વ્યક્તિ પંચાયતનો સભ્ય હશે નહિ. તે આ સમિતિની અધ્યક્ષ બની શકશે નહિ.

→ આ સમિતિનો સભ્ય તાલુકા પંચાયતને રાજીનામું આપીને સમિતિમાંથી દુર થઈ શકશે.

→ તાલુકા પંચાયતનો પ્રમુખ આ સમિતિનો સભ્ય હોય તો તે આ સમિતિનો અધ્યક્ષ બનશે જો ઉપપ્રમુખ આ સમિતિનો સભ્ય હોય તો તે આ હોદ્દાની રૂએ આ સમિતિનો અધ્યક્ષ બનશે. જો આ ઉપર પૈકી બે જો ન હોય તો સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્ય ચૂંટી કાઢશે.

**કારોબારી સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ કલમ ૧૨૩–૧ (૧)**

→ ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ ૧૪ સભ્યો

→ મુદત બે વર્ષ

→ પોતાની બે પેટા સમિતિ પણ બનાવી શકશે.

→ સમિતિના નિર્ણયથી નારાજ વ્યક્તિ તાલુકા પંચાયતને ફરીયાદ કરી શકશે.

→ તાલુકા વિકાસ અધિકારી તેના સેક્રેટરી રહેશે.

**સામાજીક ન્યાય સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ કલમ –૧૨૩–૧(૨)**

→ પાંચ સભ્યો

→ પંચાયતના મુદ્દત જેટલી મુદ્દત

→ વાલ્મીકી કે સફાઈ કામદાર જાતીનો એક સભ્ય

→ એસ.સી. કે એસ.ટી. માંથી એક મહિલા સભ્ય.

www.iamofficer.com

→ અન્ય તમામ સભ્યો અ.જા. અને અ.જ.જા. ના હશે.

→ આ સમિતિના નિર્ણયથી નારાજ થઈને કોઇપણ વ્યક્તિ ૬૦ દિવસની અંદર જિલ્લા પંચાયતની સામાજીક ન્યાય સમિતિને અપીલ કરી શકશે.

→ દર ત્રણ મહિને એક બેઠક મળશે.

**જિલ્લા પંચાયતની સમિતિમાં :**

→ કારોબારી સમિતિ

→ સામાજીક ન્યાય સમિતિ

→ શિક્ષણ સમિતિ

→ અપીલ સમિતિ

→ જાહેર આરોગ્ય સમિતિ

→ જાહેર બાંધકામ સમિતિ

→ ૨૦– મુદ્દા કાર્યક્રમ અમલીકરણ સમિતિ

→ જિલ્લા પંચાયતનો કોઈ સભ્ય વધુમાં વધુ બે સમિતિનો સભ્ય થઈ શકશે.

→ જિલ્લા પંચાયતનો પ્રમુખ એ શિક્ષણ સમિતિનો અધ્યક્ષ રહી શકશે નહિ.

→ કોઇ સભ્ય એક વખત સમિતિનો સભ્ય બની જાય પછી ફરીથી સભ્ય બની શકશે.

**કારોબારી સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ કમલ ૧૪૫–૧(૧)**

→ વધુમાં વધુ ન સભ્યો

→ મુદ્દત બે વર્ષ

→ બે પેટા સમિતિ રચી શકશે.

**સામાજીક ન્યાય સમિતિ**

**(ગુ.પંચાયત અ–૧૯૯૩ કલમ – ૧૪૫–૧(૨))**

→ સભ્ય સંખ્યા ૫ છે.

→ મુદ્દત : પાંચ વર્ષ અથવા પંચાયતના મુદ્દત જેટલી.

→ એસ.સી. અને એસ.ટી. ૩ સભ્યો

→ વાલ્મીકી કે સફાઈ કામદાર ૧

www.iamofficer.com

→ મહિલા સભ્યો –૧

→ આ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ ૬૦ દિવસની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે.

**શિક્ષણ સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ કલમ –૧૪૫–૧(૩)**

→ સભ્ય સંખ્યા ૭ થી ૯

→ મુદ્દત પંચાયતની મુદ્દત જેટલી

→ અ.જા.માંથી એક સભ્ય

→ અ.જ.જા. માંથી એક સભ્ય

→ ઓ.બી.સી. માંથી એક સભ્ય

→ સમગ્ર જિલ્લાની મતદાર યાદીમાંથી નામ ધરાવતા તથા ૧૦ વર્ષથી વધુ શૈક્ષણિક સંસ્થાનો સભ્ય તથા સ્નાતકમાંથી બે સભ્યો લેવામાં આવશે.

→ આ સમિતિના નિર્ણયોથી નારાજ થઈને જિલ્લા પંચાયતની અપીલ સમિતિ ને અપીલ કરી શકાશે.

**જાહેર આરોગ્ય સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ કલમ –૧૪૫–૧ (૪)**

→ સભ્ય સંખ્યા ૫ છે.

→ મુદ્દત : બે વર્ષ

**જાહેર બાંધકામ સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ કલમ ૧૪૫–૧(૫)**

→ સભ્ય સંખ્યા ૫ છે.

→ મુદ્દત : બે વર્ષ

**અપીલ સમિતિ :**

**ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ કલમ (૨૪૩)**

→ કુલ પાંચ સભ્યો (૧+૪) છે.

→ જિલ્લા પંચાયતના પ્રમુખ સિવાય અન્ય ચાર સભ્યો.

→ મુદ્દત બે વર્ષ

www.iamofficer.com

→ ઓછામાં ઓછા ત્રણ સભ્યોની હાજરી હોવી જરૂરી

→ સામાજીક ન્યાય સમિતિ સિવાય કોઈપણ સમિતિના નિર્ણય ને અપીલ સમિતિ સામે અપીલ કરી શકાય

→ આ સમિતિ ને બેઠક બોલાવવા માટે બે દિવસ અગાઉ જાણ કરવી પડશે.

**વીસ –મુદ્દા અમલીકરણ સમિતિ : ૧૪૫–૧(૭)**

→ સભ્ય સંખ્યા ૫ સભ્યો (૧+૪)

→ મુદ્દત બે વર્ષ

→ ૧–૪–૧૯૮૭ થી અમલમાં

**અન્ય સમિતિઓ :**

→ ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ

→ પાંચ સભ્યો

→ મુદ્દત : ૧ વર્ષ

**મહિલા બાળકલ્યાણ યુવા પ્રવૃત્તિ સમિતિ :**

→ પાંચ સભ્યો

→ મુદ્દત : ૧ વર્ષ

www.iamofficer.com

www.iamofficer.com